

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## ગુણભાંખરીના મેળાની તૈયારી માટે બેઠક યોજાઈ

પોશીના તાલુકામાં આવેલ ચિત્ર વિચિત્ર મહાદેવના સાંનિધ્યમાં દર વર્ષે મેળો યોજાય છે. આ વર્ષે આ લોક મેળો આગામી તા. ૧૯ અને ૨૦મી માર્ચે યોજાશે. આ લોકમેળાની તૈયારી સ્વરૂપે સાબરકાંઠા જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપના અધ્યક્ષ સ્થાને દેલવાડા ખાતે શુક્રવારનાં રોજ મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગુણભાખરીના મેળાની તૈયારી અને આદિવાસી સમાજના પ્રશ્નોનું નિરાકરણ માટે કલેકટર દ્વારા અધિકારીઓને કાર્ય કરવા જણાવ્યું હતું. આ બેઠકમાં ખેડબ્રહ્મા મામલતદાર મોદી સહિતના અધિકારીઓ અને જિલ્લાના પદાધિકારીઓ હાજર રહ્યા હતાં.

# મહિલા સશક્તિકરણ અને નશાબંધી જાગૃતિ અંગે સમારોહ યોજાયો

તલોદ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લા પોલીસના તલોદ પોલીસ સ્ટેશનના પ્રાંગણમાં મહિલા સશક્તિકરણ અને નશાબંધી જાગૃતિ અંતર્ગત સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં તલોદ તેમજ ગામડે-ગામડેથી મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહેતા વ્યવસ્થા પણ ખોરવાઈ ગઈ હતી. હાજર મહિલાઓએ જિલ્લાના અધિકારીઓ પાસેથી સશક્તિકરણ અને નશાબંધી અંગે વિશેષ જાણકારી પ્રાપ્ત કરી હતી.

સાબરકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક પી.એલ.માલની અધ્યક્ષતામાં દિપ પ્રાગટ્ય કરી તેઓએ મહિલા સશક્તિકરણ અને નશાબંધીની વિગતવાર જાણકારી આપી રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ઈચ્છા અનુસાર મહિલા સુરક્ષાના કાર્યક્રમો યોજાવા મહિલાઓને જણાવ્યું હતું. થયેલા મહિલા જાગૃતિ સમારોહમાં નાયબ જિલ્લા પોલીસ વડા એમ.આર. ગુપ્તા પો. ઈન્સ. આર.આર.દેસાઈ સી.પી.આઈ. સોલંકી સાહેબ તથા સાયન્સ કોલેજના અધ્યાપકો હાજર રહ્યા હતા. જેઓએ પણ મહિલાઓ માટેની આવશ્યક વિશેષ જાણકારી પુરી પાડીને જાગૃતિ અભિયાન હાથ ધર્યુ હતુ. ડી.એસ.પી. એમ.આર. ગુપ્તાએ મહિલાઓની આવશ્યક સેવા અંગે ૧૮૧, હેલ્પલાઈન વિશે પણ જાણકારી અપાઈ હતી. દારૂ દૂષણને જડમૂળથી ઉખેડી નાખવા મહિલાઓને નશાબંધી અંગે હિમાયત પોલીસ અધિકારીઓએ કરી હતી.

તલોદ સ્કૂલની એસ.પી.સી.ની બાળા જીલ મોદીએ સલામી આપી ફૂલહારથી અધિક્ષકનું સન્માન કર્યું હતું. તલોદ પોલીસ સ્ટેશનના પ્રાંગણમાં ઉપસ્થિત મહિલાઓની મોટી હાજરી તથા મહિલાઓને ઉભા રહી તેમજ જમીન પર બેસીને સમારોહ માણવો પડતા જિલ્લા અધિક્ષક તલોદ પોલીસની કામગીરી અંગે નોંધ પણ લીધી હતી.

# મોડાસા ચાર રસ્તા પર ટ્રકની અડફેટે બાઈકસવારનુ મોત

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૧૪

મોડાસાના ચાર રસ્તા પાસે બાઈક અને પરપ્રાંતીય ટ્રક વચ્ચે થતાં એકનુ મોત નીપજયુ હતુ અને આ આવતી પરપ્રાંતીય ટ્રક ચાર રસ્તા પાસે મોડાસા સર્વોદય નગર વિસ્તારના વિજય રમેશભાઈ સલાટ ઉ.વર્ષ ૨૦ વ્યવસાય મજુરી કામે રાત્રીના સમયે પાછળ બેઠેલા બે મિત્રોને નાની મોટી બે ઈજાઓ થઈ હતી. આ ઘટનાની જાણ થતા મરણ જનાર વિજયભાઈ સગા સબંધીઓ આવીને કૃલ્પાંત કરતાં



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

એકસીડન્ટ થતાં ઘટના સ્થળ ઉપર લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા.

મોડાસા શહેર ના ચાર રસ્તા ઉપર આવેલ પોલીસ ચોકીની બીલકુલ સામે ધનસુરા તરફથી પુરજોશમાં પોતાની બાઈક લઈ તેના મિત્રો સાથે શહેરમાં ફરવા નીકળ્યા હતા તે વખતે અચાનક માતેલા સાંડની જેમ આવતા પરપ્રાંતીય ટ્રકે ટકકર મારતાં વિજયભાઈનુ ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજયુ હતુ. જયારે બાઈક પર રૂદન કરી રહયા હતા જે જોઈને ઉપસ્થીત સૌ કોઈની આંખોમાં આસુ આવી ગયા હતા. જયારે ત્યારબાદ ઘટના સ્થળે પોલીસ તથા ૧૦૮ આવીને ડેડ બોડીને પીએમ માટે મોકલી આપવામાં આવી હતી.

# સીસોદરામાં દારૂનો વેપાર બંધ કરવા જિલ્લા પોલીસવડાને લેખિત અરજી કરાઈ

ઈસરી, તા. ૧૫

મેઘરજ તાલુકાના સીસોદરા ગામે દેશી તથા વિદેશી દારૂની હાટડી ચાલી રહી હોવાની અરજી જાગૃત નાગરિક દ્વારા અરવલ્લી જિલ્લા પોલીસ વડાને કરવામાં આવી છે.

આ અરજીમાં જણાવવામાં આવ્યું છે કે સીસોદરા (સદાપુર) વીસ ઘરની વસતી ધરાવતુ ગામ છે. આ ગામમાં કેટલાક શખ્સો દ્વારા ખુલ્લેઆમ દારૂનું વેચાણ કરવામાં આવે છે અને કાયદા વિરૂદ્ધનું કામ કરવા છતાં કોઈની પણ બીક ન હોય તેમ વેચાણ કરી રહ્યા છે. ભૂતકાળમાં પણ કેટલાક સામાજિક કાર્યકરો દ્વારા આ દારૂની અડ્ડાઓ બંધ કરવા માટે ભુખ હડતાલ પણ કરવામાં આવી હતી તેમ છતાં બેરોકટોક ચાલી રહ્યા છે. તેને કારણે આસપાસના લોકો દારૂ પીને છાટકા બની જાય છે અને સ્ત્રીઓ તેમજ બાળકો સાથે બિભત્સ વર્તન કરતા જોવા મળે છે. પરિણામે બાળકો પર તેની ખરાબ અસર જોવા મળે છે.

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી હોવાની વાતો કરવામાં આવે છે અને પડદા પાછળ કેટલાય બુટલેગરો વધુ રૂપિયા કમાવાની લાલચે પોતાના બિન્દાસપણે ઘરે રાખી દારૂની હાટડીઓ ધમધમાવી રહ્યા છે અને યુવાધનને બરબાદીના પંથે ચડાવી રહ્યા છે. જો પોલીસ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવે તો આ અંગે અનેક હકિકત બહાર આવે તેમ છે. હવે જોવું રહ્યું કે જિલ્લા પોલીસ વડા આ મામલે શુ કાર્યવાહી હાથ ધરે છે..

# સાબરકાંઠા જિલ્લા શિક્ષણ સમિતિની ટીમે પ્રાંતિજ સી.આર.સી. ભવનની મુલાકાત લીધી

સાબરકાંઠા જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન અને સદસ્યોએ આજે પ્રાંતિજ તાલુકા સી.આર.સી. ભવનની મુલાકાત લીધી હતી અને ચકાસણી બાદ વિવિધ સૂચનો પણ કર્યા હતા.

સાબરકાંઠા જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન રાજુભાઈ પંચાલ સભ્ય હઠેસિંહ ઝાલા અને સિંચાઈ સમિતિના ચેરમેન દોલતસિંહ ઝાલાની સંયુકત ટીમે તાલુકાના સીઆરસી ભવનની ઓચિંતી મુલાકાત કરી હતી. ટીમે ભવનમાં વિવિધ કામોની ચકાસણી કરી જરુરી સૂચનો પણ કર્યા હતા.

આ ટીમે તાલુકાની પ્રાથમિક શાળાઓના ઓરડાઓની ભૌતિક સુવિધાઓ, સ્વચ્છતા, વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ માટેની અલગ પ્રકારના શૌચાલય વગેરે અંગે અધિકારી ભાવનાબેન મોદી સાથે વિગતવાર ચર્ચા કરી હતી.

## ધનસુરા તાલુકો વાયરલ ફીવરની ઝપટમાં : ઘરે ઘરે બિમારીના ખાટલા

ધનસુરા, તા.૧૫

છેલ્લા કેટલાક દિવસથી એકાએક હવામાનમાં પ્લટો આવતાં વાતાવરણમાં ગરમી અને ઠંડી ડબલ ઋતુના કારણે ધનસુરા તાલુકો વાયરલ ફીવરના ભરડામાં આવી ગયો છે. ઘરે ઘેર બિમારીના ખાટલા જોવા મળે છે. તાવ, શરદી, ઉધરસના દર્દીઓથી સરકારી અને ખાનગી દવાખાનામાં દર્દીઓની લાઈન લાગે છે. રોજના અસંખ્ય કેસો સરકારી અને ખાનગી દવાખાનામાં આવે છે ખાસ કરીને નાના બાળકોમાં આ રોગનું પ્રમાણ વધુ છે. એક બાજુ સ્વાઈન ફલુ એ અરવલ્લી જિલ્લામાં ભરડો લીધો છે. આ રોગના ડરે લોકો તાવ, શરદી, ઉધરસ આવે તો ડરના માર્યા લેબોરેટરીનો આશરો લેવા લાગ્યા છે. ધનસુરા તાલુકામાં વાયરલ ફીવરના દર્દીઓ વધતા આરોગ્ય તંત્ર હરકતમાં આવી ગયું છે. મલેરિયા અને ટાઈફોઈડના દર્દીઓ પણ જોવા મળે છે. આરોગ્ય તંત્ર તાત્કાલિક સર્વે કરાવી ગંદકી દૂર કરાવે અને સર્વે કરાવે તે જરુરી છે.

# મોડાસા શહેરમાં વગર પરવાનગીએ દુકાનના બાંધકામ સામે પાલિકાએ સ્ટે ફરમાવતા ખળભળાટ

### પાલિકાએ ગેરકાયદેસર બાંધકામો અને પરવાનગી વગર કામ થતાં બાંધકામો સામે લાલ આંખ

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૧૪

મોડાસા શહેરમાં છેલ્લા કેટલાય સમયથી રાજકીય વગ ધરાવતા લોકો ધ્વારા ગેરકાયદેસર દુકાનો અને કોમ્પલેક્ષો તાણી બાંધ્યા છે જયારે કેઠલાય દુકાનમાલિકો ધ્વારા વગર પરવાનગી ધ્વારા બિનઅધિકૃત રીતે બાંધકામ કરનારાઓ સામે પાલિકાએ લાલ આંખ કરતાં ગઈકાલે સાંજે મોડાસા બસ સ્ટેશન વીસ્તારમાં આવેલી એક દુકાન ના ગેરકાયદેરસ બાંધકામ સામે વચગાળાનો મનાઈ હુકમ ફરમાવ્યો છે.

મોડાસા નગરમાં સ્ટેશન રોડ ઉપર બસ સ્ટેશન સામે વગર પરવાનગીએ દુકાનનુ બાધકામ કરાતુ હોવાની પાલિકા તંત્રને ધ્યાને આવતાં પાલિકાના અધિકારીઓ ધ્વારા તપાસ કરવામાં આવી હતી તપાસ દરમ્યાન આ બાંધકામ બિનઅધિકૃત હોવાનુ પુરવાર થતાં વચગાળાનો મનાઈ હુકમ ફરમાવ્યો હતો. આ કાર્યવાહીથી મોડાસામાં અન્ય ગેરકાયદેસર રીતે બાંધકામ કરતાં લોકોમાં ફફળાટ વ્યાપ્યો હતો.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા નગરપાલિકાના મુખ્ય અધિકારી અગરસિંહ ચોહાણના જણાવ્યા અનુસાર મોડાસા બસ સ્ટેશન સામે આવેઈ દુકાનના માલિક સુરેશચંદ્ર કેશવલાલ પ્રજાપતિ ધ્વારા રે.સ.નં ૩૬૯/૬/૬ ની જમીનમાં પાલિકાના સક્ષમ અધિકારીની મંજુરી સિવાય બાંધકામ કરાતુ હોવાનુ ધ્યાને આવતા સ્થળ તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમ્યાન આ બાંધકામ વગર પરવાનગીએ કરાતુ બિનઅધિકૃત બાંધકામ જણાઈ આવતા પાલિકાના અધિકારી ધ્વારા વચગાળાનો મનાઈ હુકમ આપી બાંધકામ અટકાવી દેવા તાકીદ કરાઈ છે. જયારે મોડાસા નગરમાં ધમધમતા માર્ગ ઉપર વગર પરવાનગીએ કરવામાં આવતા બાંધકામ સામે પાલિકા ધ્વારા ફરમાવામાં આવેલા સ્ટેથી ગેરકાયદેસર બાંધકામ કરી રહેલા લોકોમાં દોડધામ મચી જવા પામી હતી. જયારે નગરમાં આડેધડ કરતા દબાણો સામે પાલિકા તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરી કસુરવાર સામે પગલા ભરવા માંગ ઉઠી છે.



## નવનિયુક્ત કલેક્ટર એસ છાકછુકઆક એ વાંટા રામપુર ગામની મુલાકાત લીધી

અરવલ્લી જિલ્લાના નવનિયુક્ત કલેક્ટર શ્રી એસ. છાકછુઆકે મોડાસા તાલુકાના વાંટા રામપુર ગામની ૧૧-૩-૧૫ના રોજ મુલાકાત લીધી હતી. મુલાકાતના પગલે નવા નીમાયેલા મહિલા કલેક્ટરને મળવા માટે લોકોનો ઘસારો જોવા મળ્યો હતો. કલેક્ટરે વાંટા રામપુર ગ્રામ પંચાયતની મુલાકાત લઈ પ્રજાને પડતી મુશ્કેલીઓને ધ્યાનથી સાંભળી હતી અને તેને દુર કરવા માટે ખાતરી આપી હતી. આ ઉપરાંત મેડમે ગામમાં આવેલ દરેક સંસ્થાની પણ મુલાકાત લીધી હતી. તદુપરાંત ગામની પ્રાથમિક શાળાની મુલાકાત લઈ કલેક્ટરે જાતે બાળકોને વર્ગખંડમાં શિક્ષણના પાઠ લીધા હતા. તેમજ બાળકો વાંચન, ગણન તેમજ લેખનનું તેમજ પ્રજ્ઞા કાર્યક્રમનું પણ મુલ્યાંકન કર્યું હતું અને બાળકો સાથે પ્રેમભર્યો સંવાદ પણ કર્યો હતો. મુલાકાત કલેક્ટરે શૌચાલય અને મહિલા સશક્તિકરણ તેમજ અન્ય પ્રોજેક્ટ વિષે ગ્રામજનોને સવિશેષ માહિતી આપી હતી અને ખાસ કરી આંગણવાડી મકાનમાં પડતી મુશ્કેલીને પણ દૂર કરવાની ખાતરી આપી હતી. (તસવીર : બાબુભાઈ પટેલ)

# રાધીવાડા ગામે સાત દિવસથી પાણી ન મળતા પ્રજામાં ઉગ્ર રોષ

ખેડબ્રહ્મા, તા. ૧૫

ખેડબ્રહ્મા તાલુકાના રાધીવાડા ગામે ઉનાળાની શરૂઆત થતા પાણીનો કકળાટ ઉભો થયો છે. છેલ્લા સાત દિવસથી ગ્રામજનોને પાણી ન મળતા ગ્રામજનોમાં ઉગ્ર આક્રોશ જોવા મળી રહ્યો છે.

ખેડબ્રહ્મા તાલુકાના રાધીવાડા ગામે છેલ્લા સાત દિવસથી પાણીનો પ્રશ્ન ગંભીર બની ગયો છે. ગ્રામજનોને ઉનાળાના પ્રારંભે જ પોતાના અને વાપરવાના પાણી માટે ફાફા મારવા પડે છે. આ મામલે ગામજનોએ તાલુકા પંચાયત સહિતના સરકારી તંત્રમાં અનેક રજુઆતો કરી છે. તેમ છતાં સ્થાનિક સરકારી તંત્ર છેલ્લા સાત દિવસથી આંખ આડા કાન કરી સમગ્ર મામલે ચુપકી સાધી રહ્યું છે. આથી ગરીબ ગ્રામજનોના રૂપિયા ખર્ચી પાણી પીવાનો વારો આવ્યો છે. ત્યારે પાણીના આ પ્રશ્નને લઈ ગ્રામજનો આક્રમક મુડમાં આવી ગયા છે. તંત્ર વિરૂદ્ધ ઉગ્ર આક્રોશ વ્યક્ત કરી સત્વરે ગ્રામજનો પાણીની સમસ્યાનું સમાધાન થાય તેવી માંગ કરી રહ્યા છે. અન્યથા આગામી દિવસોમાં ગાંધી માર્ગે આંદોલન કરવાની પણ ચિમકી ઉચ્ચારી છે.



(તસવીર : જય અમીન, મોડાસા)

## રામપુર (ગઢડા) ખાતે હનુમાનજી મંદિરની પ્રાણપ્રતિષ્ઠા કરાઈ

મોડાસા તાલુકાના રામપુર (ગઢડા) ગામમાં હનુમાનજી મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા ૧૧-૩-૧૫ને બુધવારના રોજ કરવામાં આવી હતી. ગામના દરેક સમાજના લોકોએ ભેગા મળી તેમજ સાથ સહકારથી ગામના પાદરમાં ભવ્ય મંદિર ઉભું કરવામાં આવ્યું હતું. તેમજ ગામમાં શોભાયાત્રા પણ કાઢવામાં આવી હતી. આ પ્રસંગે આજુબાજુની ધર્મપ્રેમી પ્રજા પણ ઉત્સાહપૂર્વક ઉમટી પડી નવનિર્મિત મંદિરના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# પ્રાંતિજ માર્કેટ યાર્ડ ગંદકીથી ખદબદી ઉઠયું

### કચરામાં દારૂની બોટલ તથા બિયરના ટીનના ઢગલા

પ્રાંતિજ, તા.૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ માર્કેટ યાર્ડ માં ગંદકી જોવા મળી રહી છે અને ગંદકીના કારણે આવનાર ખેડૂતોને ગંદકીને લીધે નાકના ટેરવાં પણ ચડી જાય છે. પણ જેમની જવાબદારી છે તે લોકોને સત્તાની જાજમમાં ખેડૂતો તથા વેપારીઓની મુશ્કેલીઓ દેખાતી નથી. પ્રાંતિજ હાઈવે કમાલપુર પાસે આવેલ માર્કેટ યાર્ડ કે જે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ તરીકે ઓળખાય છે જયાં સાબરકાંઠા જિલ્લા કલેકટર દ્વારા સમગ્ર જિલ્લાને સ્વચ્છતા અંગેના સૂચનો તથા સ્વચ્છતા અભિયાનના ધજાગરા ઉડતા હોય તેવું જોઈ શકાય છે જયારેગંદકીના ઢગથી આવતાં ખેડૂતો નાકે રૂમાલ બાંધી ઉભા રહેવાનો વારો આવેલ છે અને રાત્રી દરમિયાન અહીં દારૂ જુગારની મહેફિલો મંડાય છે તે કચરાના ઢગમાં પડેલ દારૂની બોટલ તથા ટીન ઉપરથી જોઈ શકાય છે કે અહીંના સત્તાધિશો દ્વારા માર્કેટ યાર્ડમાં કેટલી સ્વચ્છતા તે માત્ર તેમનાં હિસાબી દફતર ઉપર હશે પણ સાચી હકિકત તો આપણે જાણે રૂબરૂ જોઈએ તો જ ખબર પડતી હોય છે જયારે આવનાર ખેડૂતોને સુવિધા ના મળતાં તેવો પણ રોષ ઠાલવતાં હતાં જયારે અત્યારે ચાલી રહેલ સ્વાઈન ફલુનાં રોગને લઈ સરકાર તથા સરકારી અધિકારીઓએ ઠેર ઠેર જાહેરાતો તથા સલાહ સૂચનો કરે છે ત્યારે આ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના જે સત્તાધિશો છે તેમણે માત્ર ઘી કેળાના દપંતરી હિસાબો સિવાય રસ ના હોય તેવું હાલ તો લાગી રહ્યું છે જેથી સાહેબ એક નજર ઓફિસની બહાર નિકળી કંપાઉન્ડમાં આવેલ ગંદકી ઉપર કરો તો સારું નહીં તો હોતા હે ચલતા હે જેવી સ્થિતિ હાલ તો પેદા થઈ છે.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સકલુસિવ શો-રૂમ

AGL TILES WORLD — Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧



ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર — TATA
ઓથોરાઈઝ્ડ ડીલર — Castrol, EXIDE INDUSTRIES LIMITED, BRIDGESTONE PASSION for EXCELLENCE, JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેકસ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦